સરી-શાસ્ત્રાર્થ સંબંધી

# ર નિવેદન

卐

વેદક અને પ્રકાશક

સિંહ મોહોલાલભાઈ

ટાવાડી, અમદાવાદ.

જેઠ : ૧૯૯૩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંવત્સરી–શાસ્ત્રાર્થ સંબંધી મારું આ નિવેદન મેં તા. ૯–૬–૩૭ના દિવસે 'મુંબઈ સમાચાર' ઉપર મોકલી આપ્યું હતું. અને તે તા. ૧૬–૬–૩૭ના 'મુંબઈ સમાચાર'માં પ્રસિદ્ધ થઇ ગયું છે.

જૈન જનતાની વિશેષ જાણ માટે તેને આ રીતે અક્ષરશઃ જુદું છપાવી પ્રસિદ્ધ કર્યું છે.

—નિવેદક

મુદ્રક: બાલુભાઈ મગનલાલ દેશાઈ, મણિ મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપના તા-૨૯-૫-૩૭ના શનિવારના અંકમાં, "જૈનચર્ચા"ના મથાળા નીચે, આગામી સંવત્સરી સંબંધમાં, "જૈન"ના નામથી જાણીતા થયેલા મી. સાકરચંદ માણેકચંદ ધડિયાળીએ કેટલીક હકીકતો અવળા સ્વરૂપમાં મૂકી, જૈન અને જૈનેતર જનતાને ઊંધે માર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. જનતાની જાણ માટે, સત્ય હકીકત દર્શાવનારૂં આ નિવેદન પ્રગટ કરવાની જરૂર પડી છે.

ચર્ચાના પ્રથમ ભાગમાં જણાવેલ વિગતો સંબંધમાં, મારી માહીતી ન હોવાને લઇને, મારે કંઈ કહેવાનું નથી. જામનગરમાં શેઠ શ્રી પોપટલાલ ધારશીભાઈના ઉજમણા પ્રસંગે મુંબઈથી જામનગર ગયેલ શેઠ શ્રી નગીનદાસ કરમચંદ તથા શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસીએ, પૂજ્ય આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી તથા પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી સાથે કરેલ વાતચીતથી આ મારા નિવેદનની શરૂઆત થાય છે.

**વાટાઘાટનો પ્રારંભ:**

ચાલુ વર્ષના ચૈત્ર વદમાં શેઠ નગીનદાસ જામનગર ગયેલા. ત્યાં શેઠ શ્રી નગીનદાસે પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીને સંવત્સરી સંબંધમાં ઉભા થયેલા મતભેદનું કાંઈક નિરાકરણ લાવવા વિનંતી કરી, અને પૂજ્ય સાગરાનંદસૂરિજીએ તરત જ તેની હા પાડી. ત્યારબાદ શેઠ શ્રી જીવતલાલ વૈશાખ સુદમાં જામનગર ગયા અને તેમણે પણ પૂજ્ય શ્રી સાગરાનંદ-સૂરિજીને આ સંબંધમાં વાતચીત કરી. અને તે વખતે શ્રી સાગરાનંદસૂરિજીએ ચર્ચા કરી સત્ય નિર્ણય પર આવવા મરજી દેખાડી. આવા પ્રકારની ચર્ચા કરવાની તત્પરતા જણાવતાં પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીએ તે વખતે જણાવ્યું હતું કે શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ ચાલુ વર્ષના પ્રારંભથી જ વિહાર કરવાની શરૂઆત કરીને, લગભગ ૪૦૦ ઉપરાંત માઈલનો વિહાર કર્યો હોવાથી તેમજ તેઓશ્રીની વૃદ્ધ ઉમર વગેરે કારણોથી તેઓ દરરોજ લાંબો વિહાર ન કરી શકે, એટલા માટે તેઓશ્રીને પોતાની સાથે શાસ્ત્રાર્થના સ્થળે વિહાર કરીને પહોંચવાનો આગ્રહ નહીં કરે, પરંતુ શ્રી ઉદયસૂરિજીને અગર શ્રી નન્દનસૂરિજીને ગમે તેમ કરીને પોતાની સાથે લઈ આવવા જણાવ્યું હતું.

શેઠ શ્રી જીવતલાલની સાથેની વાતચીત દરમ્યાન પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજે ચર્ચા કરવાની તત્પરતા દેખાડતાં શેઠ જીવાભાઈ, શેઠ નગીનભાઈ તથા શેઠ ગિરધરલાલ છોટાલાલે રાતના સમયે, તે જ ઉપાશ્રયમાં ઉપરના ભાગમાં બિરાજતા પૂજ્ય શ્રી નેમિ-સૂરીશ્વરજી મહારાજ પાસે જઈ, તેઓશ્રી નિદ્રિત થયેલ હતા એટલે તેઓશ્રીને જગાડ્યા, અને પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી સાથે થયેલ વાતચીત તેમને જણાવી. તેથી પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીને બોલાવ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ આપેલી ખાતરી :**

પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ જણાવ્યું કે ચર્ચા કરી સત્ય નિર્ણય ઉપર આવવું અને શ્રી સંઘમાં શાંતિ સ્થાપવી એ ઘણી જ ઇચ્છનીય વાત છે, ( આ અરસામાં શેઠ શ્રી પોપટલાલભાઇ પણ ત્યાં આવ્યા હતા. ) પરંતુ જો ખરેખર જ તે પ્રમાણે કરવું હોય તો છાપાઓમાં સામ સામે લખી, કાગળો કાળા કરવાથી કાંઈ નિર્ણય આવી શકશે નહીં. ખરેખર જ પરિણામ લાવવું હોય તો રૂબરૂ મળી શાસ્ત્રાર્થ કરી નિર્ણય લાવવો જોઈએ, અને તેને માટે શ્રી સાગરાનંદજીએ જામનગરથી વિહાર કરી, યોગ્ય સ્થળે, જવું જોઇએ. પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વજીએ તો જણાવ્યું હતું કે તેઓ પોતે વિહાર કરવાને તદ્દન અશક્ત હોઇ ચર્ચાના સ્થળે આવશે નહીં, પણ શ્રી સાગરાનંદસૂરિજીની સાથેની ચર્ચાનું જે કંઇ પરિણામ આવશે તેને સહમત થઈ તે પ્રમાણે વર્તશે.

**શાસ્ત્રાર્થના સ્થળનો નિર્ણય:**

રૂબરૂમાં શાસ્ત્રાર્થ કરીને સંવત્સરી–નિર્ણય કરવા માટે યોગ્ય સ્થળે વિહાર કરીને બીજા પક્ષને મળવા જવાની પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની વાતનો શ્રી સાગરાનંદસૂરિજીએ તરત જ સ્વીકાર કર્યો, એટલે પછી કયા સ્થળે ચર્ચાની ગોઠવણ કરવી એ વાત ઉપર વિચારણા શરૂ થઈ.

પ્રથમ શ્રી અમદાવાદ પ્રત્યે ધ્યાન દોરાયું, પણ પુનામાં બિરાજતા પૂજ્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજીને તે અગવડ કરતા જણાતાં તેમ જ પૂનાથી આવવા માટે ખંભાત વધારે અનુકૂળ પડશે એમ જણાતાં ખંભાતને પસંદ કરવામાં આવ્યું.

**પંચ–સરપંચ અને વાદી-પ્રતિવાદીનો નિર્ણય :**

પછી આ ચર્ચામાં જો સાધુઓ એક મત ન થાય તો શું કરવું એ સંબંધી વિચાર ચાલતાં પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ ફરમાવ્યું કે શ્રીસંઘમાંથી બુધવાર અને ગુરૂવારની સંવત્સરી કરનારા બન્ને પક્ષના શ્રાવકોમાંથી આશરે પંદર માણસોની પસંદગી કરવી અને તેઓ એ વિદ્વાન પંડિતોની પંચ તરીકે પસંદગી કરે, અને તે પંચની રૂબરૂમાં શરૂથી અંત સુધી મૌખિક ચર્ચા કરવામાં આવે, જેની નોંધ એ પંચ બરાબર કરી લે. સદરહુ એ પંડિતો–પંચ–કદાચ એકમતવાળા નિર્ણય ઉપર ન આવી શકે તો ઉપર્યુક્ત જણાવેલા બન્ને પક્ષના પસંદ કરેલા શ્રાવકો એક સરપંચની નિમણૂક કરે. ચર્ચાના એક પક્ષકાર તરીકે શ્રી સાગરાનંદસૂરિજી રહે અને બીજા પક્ષકાર તરીકે શ્રી રામચંદ્રસૂરિજી રહે.

આ બધી વાત જો બીજા પક્ષને કબુલ હોય તો ઉપર્યુક્ત શરતો પ્રમાણેનું કબુલાતપત્ર લખાવી તેમાં પૂજ્ય આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી, પૂજ્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી, પૂજ્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી, પૂજ્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી તથા મુનિરાજ કલ્યાણવિજયજીની સહિયો કરાવી તે જામનગર શ્રી સાગરાનંદસૂરિજીની સહી માટે મોકલી આપવાનું જણાવવામાં આવ્યું હતું. અને ઉપર્યુક્ત સર્વ મુનિરાજોની સહિયો થયેથી પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ પણ પોતા તરફથી સહી કરી આપવાનું કબુલ્યું હતું. પંચ અગર સરપંચ જે કંઈ ચુકાદો આપે તે માન્ય રાખવાનું અને એ પ્રમાણે વર્તવાનું ઉપર્યુક્ત સહિયો કરનારાઓએ કબૂલ કરવાનું હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રસંગે શેઠ શ્રી પોપટલાલ ધારશીભાઈએ,—ચાલુ વર્ષ પુરું થયેથી નવીન વર્ષની શરૂઆતમાં જ શ્રી ગિરનારજી તથા શ્રી સિદ્ધાચળજીનો છરી પાળતો સંઘ કાઢવાનો પોતે અભિગ્રહ લીધેલ હોવાથી જો પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી તથા બીજા સાધુમહારાજો ખંભાત બાજુ વિહાર કરે તો તેમના કાર્યમાં અડચણ આવે એમ હોવા છતાં,—જણાવ્યું હતું કે શ્રી સંઘમાં શાંતિ સ્થપાય તે માટે જો બીજો પક્ષ ઉપર જણાવેલ સૂચનાઓ સ્વીકારે તો શ્રી સાગરાનંદસૂરિજીના વિહાર કરવામાં તેઓ પ્રતિબંધરૂપ નહીં થાય.

**પ્રથમ વાટાઘાટ ઉપર પડદો :**

પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી તથા પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીએ શેઠ જીવાભાઈ વગેરેને સ્પષ્ટ સૂચન કર્યું હતું કે આદરા નજદીક આવતા હોવાથી અને કેટલાક સાધુ મહારાજો આદરા પછી વિહાર ન કરતા હોવાથી, આ શાસ્ત્રાર્થની વાતનો નિર્ણય સત્વર થવો જોઈએ. અને એટલા માટે શેઠ નગીનભાઈ તથા જીવાભાઈને તરત જ મુંબઈ પૂના જઈ, સર્વ હકીકત સમજાવી, તાર દ્વારા જવાબ આપવાનું જણાવવામાં આવ્યું હતું.

રાત્રિના લગભગ ચાર વાગતાં સુધી ચાલેલી સદરહુ લંબાણ વાટાઘાટના પરિણામે આ પ્રમાણે ભૂમિકા તૈયાર કરવામાં આવી ત્યારે શેઠ નગીનદાસે શ્રી જીવાભાઈને કહ્યું હતું કે તમો પાંચમે પૂના જવાના છો તો પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીને આ વાત કરજો. ત્યારે જીવાભાઈએ જણાવ્યું કે હું કંઈ વાત કરીશ નહીં, પરિણામે થયેલ બધી વાટાઘાટ ઉપર પડદો નાખી આ ચર્ચાને ત્યાં જ અટકાવી દેવાનું નક્કી કરવામાં આવ્યું. બીજે દિવસે શેઠ નગીનભાઈએ ફક્ત શ્રી વિજયનેમિસૂરીશ્વરજીને જણાવ્યું કે— ગઈ કાલે જીવાભાઈ અહીંથી ગયા ત્યારે મેં તેમને વાત કરી છે કે તમો પુના તથા મુંબઈ આ વાત કરજો. અને જીવાભાઈએ મને કહ્યું કે તક મળશે તો વાત કરી જોઈશ.

**શાસ્ત્રાર્થ માટે તૈયારી : પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીનો વિહાર :**

શેઠ શ્રી પોપટલાલભાઈને ત્યાં મહોત્સવની પૂર્ણાહુતિ થયેથી શેઠ શ્રી જીવતલાલ તથા શેઠ શ્રી નગીનદાસ મુંબઈ સીધાવ્યા, અને જો કે જામનગરમાં તો આ–શાસ્ત્રાર્થની–વાતનો બંધ વાળી દેવામાં આવ્યો હતો છતાં પણ, તા. ૧૭–૫–૩૭ ના દિવસે શેઠ શ્રી પોપટલાલભાઈ ઉપર સદરહુ બન્ને શેઠિયાઓએ ભેગા નામથી આ પ્રમાણે મુંબઈથી તાર કર્યો :—

> " આ બાજુના સાધુઓ રૂબરૂમાં થયેલ ચર્ચાનુસાર સંવત્સરીનો નિર્ણય લાવવાની સૂચનાનો સ્વીકાર કરે છે. ખંભાત બાજુ વિહાર કરાવવા ગોઠવણ કરો. કાગળ આવે છે. "

શેઠ શ્રી પોપટલાલભાઈને ઉપર પ્રમાણેનો તાર મળતાં અને તેઓએ પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીને જણાવતાં તેઓશ્રીએ તરત જ વિહારની તૈયારી કરી અને,—જો કે પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની ખંભાત પધારવાની જરા પણ ઈચ્છા ન હતી છતાં શ્રી સાગરાનંદસૂરિજી તથા તેમના પોતાના શિષ્ય સમુદાયનો આગ્રહ અને તેઓશ્રીના પધારવાથી સંઘમાં શાંતિ ફેલાશે એવી વિનવણી વ્યાજબી લાગતાં, તેમ જ પોપટભાઈ ઉપરનો તાર તે બન્ને શેઠિયાઓ સાથે થયેલ ચર્ચાનુસાર વર્તવાની ખાત્રી આપતો ઘણો જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્પષ્ટ હોવાથી કાગળની રાહ જોયા સિવાય, પોતાની વૃદ્ધ ઉંમર, પગમાં દર્દ વગેરે કારણે પોતે લાંબો વિહાર કરવા અશક્ત હોવા છતાં,—પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી તથા પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીએ પોતાના બન્ને સમુદાયના વૃદ્ધ, બાળ, ગ્લાન વગેરે તમામ ૪૭ સાધુઓ સાથે, તે જ દિવસે બપોરના ચાર વાગે જામનગર છોડી ખંભાત તરફ પ્રયાણ શરૂ કર્યું.

અને તા. ૧૮–૫–૩૭ ના દિવસે શેઠ શ્રી પોપટલાલભાઈએ મુંબઈ શેઠ નગીનદાસ તથા શેઠ જીવાભાઇને તાર કરીને નીચે પ્રમાણે સમાચાર આપ્યાઃ—

"તમારો નિવેડા (સેટલમેંટ) સંબંધી તાર મળ્યો. તમારા તાર પ્રમાણે સાધુઓએ વિહાર કર્યો છે. કબૂલાત પ્રમાણે તમોએ શ્રી સિદ્ધસૂરિજી, લબ્ધિસૂરિજી, પ્રેમસૂરિજી, રામચંદ્રસૂરિજી, કલ્યાણવિજયજીની સહીયો લીધી હશે અને પછી અમને તાર કર્યો હશે. સહિયો સાથેનું ઉપર્યુક્ત કબુલાતપત્ર લઈને પહેલી ટ્રેનથી જલદી જામવનથલી આવો, અને વિજયરામચંદ્રસૂરિજીના પુનાથી વિહારના સમાચાર અમને જણાવો. તાર જામનગર કરશો"

**મુંબઈનો પત્ર: શાસ્ત્રાર્થની શરતોમાં ફેરફાર:**

આ તાર મૂક્યા પછી, જે તારીખે મુંબઈથી તાર આવ્યો તે જ તા. ૧૭–૫–૩૭ ના દિવસે લખાયેલો શેઠ નગીનદાસ અને શેઠ જીવાભાઈની સહીવાળો પત્ર શેઠ શ્રી પોપટભાઈને મળ્યો. જેમાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું હતું:—

"અમો ધારીએ છીએ કે આ બાબતમાં હવે વધુ વિલંબ નહી કરતાં મહારાજશ્રીને વિહાર કરવા ગોઠવણ કરાવશો. વિહાર સંબંધમાં જરા પણ વિલંબ નહીં કરાવતાં તાકીદે ખંભાત તરફ વિહાર કર્યાના ખબર આપશો."

ઉપરની જ તારીખે લખાયેલો પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી તથા પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીના નામનો ભેગો પત્ર શેઠ નગીનદાસ તથા શેઠ જીવતલાલની સહીથી આચાર્ય મહારાજોને મળ્યો, જેમાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું હતું:—

"વિશેષ લખવાનું જે આવતી સંવત્સરીના દિવસમાં ગુંચવાડાના અંગે તેનો નિર્ણય લાવવા સંબંધમાં આપશ્રીને રૂબરૂમાં વાતચીત કરેલ તે મુજબ અંધેરી અને પુનામાં વિચરતાં આચાર્યસૂરિને વાત કરતાં તેઓ પણ નિર્ણય લાવવા માટે સહકાર સાથે કબૂલ થયા છે.

"(૧) આચાર્ય રામચંદ્રસૂરીશ્વરજીની તબીયત તાવના અંગે નરમ થયેલ હોવાથી અને ઉનાળામાં લાંબુ વિહાર કરવા માટે હાલની તબીયતની સ્થિતિ બરાબર નહીં હોવાથી, તેઓ પોતે આવી શકે એમ નહીં હોવાથી કલ્યાણવિજયજી, જંબુવિજયજી અને આચાર્ય શ્રી લબ્ધિસૂરીશ્વરજી ખંભાતમાં હાજર રહેશે.

"(૨) ચર્ચા વખતે બે પંડિતની રૂબરૂમાં જે વાત થયેલ છે તે પંડિતના સંબંધમાં મદનમોહન માલવીયા તરફથી જે બે નામ સૂચવવામાં આવે તે બન્ને પંડિતો ચર્ચા વખતે બેસશે. અને થયેલ ચર્ચાની હકીકત સમજી, વિચારીને બન્ને એક મતે જે નિર્ણય આપે તે કબૂલ કરવા આપ બન્ને સમુદાયના આચાર્યો અને અત્રે તરફના સમુદાયના આચાર્યોની સહી થશે. જો બે પંડિતો એક મતે નિર્ણય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન આપી શકે તો પંડિત મદનમોહન માલવીયા પોતે જે નિર્ણય આપે તે સૌ કોઈને મંજૂર રાખવાનો રહેશે આજે આપને તારથી આ સંબંધમાં જણાવેલ છે, અને વધુ ખુલાસો આ પત્રથી જાણી, આપશ્રી તાકીદે વિહાર કરી ખંભાત પધારવાનું નક્કી કરી ખબર આપશો."

આ પત્ર જોતાં જ એમ લાગ્યું કે થયેલ વાતચીતથી પત્રમાં તદ્દન જુદી જ વાત હતી. જેમકે:—શ્રી રામચંદ્રસૂરિજીની સગવડની ખાતર જ ખંભાત નક્કી કરવામાં આવ્યું હતું, જ્યારે પત્રમાં શ્રી રામચંદ્રસૂરિના વિહાર નહીં કરી શકવાના સમાચાર હતા. પંચો નિમવામાં એક પણ પક્ષકારને કંઈ પણ નિસ્બત હોવી ન જોઈએ એ સિદ્ધાંત ભૂલી જઈ પંચ અને સરપંચ બધું નક્કી કરી નાખવામાં આવ્યું હતું. વળી પત્રમાં ત્રણ મુનિમહારાજોનું હાજર રહેવાનું જણાવવામાં આવ્યું હતું, પરંતુ પક્ષકાર તરીકે ચર્ચા–શાસ્ત્રાર્થ–માં કોણ ઉભા રહેશે તે સંબંધી કોઈ પણ જાતનો સ્પષ્ટ ઉલ્લેખ ન હતો.

**મુંબઈવાળા સદ્‌ગૃહસ્થોને ખુલાસા માટે બોલાવ્યા:**

આ ઉપરથી શેઠ પોપટલાલભાઈએ તા. ૧૯–૫–૩૭ના દિવસે બીજો તાર શેઠ નગીનદાસ ઉપર નીચે મુજબ કર્યો:—

"તાર અને કાગળ મળ્યા. કાગળ શરતોની સાથે સહમત નથી થતો. ખુલાસા માટે જીવાભાઈની સાથે એકદમ જામવનથલી આવો. તમોએ જે કંઈ સહીઓ લીધી હોય તે સાથે લેતા આવશો. તમારા રવાના થવાના સમાચાર તારથી જામનગર આપશો."

આને બીજે દિવસે એટલે તારીખ ૨૦–૫–૩૭ ના દિવસે શેઠ પોપટલાલભાઈએ મને આ પ્રમાણે તાર કર્યો:—

"જરૂરનું કામ છે. પહેલી ટ્રેને જામવનથલી સ્ટેશને આવો. રવાના થવાના ખબર તારથી જામનગર આપો."

આ પ્રમાણેનો તાર મળતાં તે જ દિવસે રાતના રવાના ગઇ હું શુક્રવારે સવારે જામવનથલી પહોંચ્યો, જ્યાં સર્વ મુનિમંડળ આવી ગયું હતું. આ વખતે પૂ૦ સાગરાનંદસૂરિજીના શિષ્ય મહેન્દ્રસાગરજી, જેઓ ઘણા લાંબા વખતથી બિમાર હોઇ ઘણી મહેનતે તાજેતરમાં જ આરામ પામેલ, તેઓ આ ઉનાળાની સખ્ત ગરમીમાં વિહાર કરવાથી તાવમાં પટકાઇ પડયા હતા. તેમ જ પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય શ્રી નંદનસૂરિજી પણ ઘણી જ અસ્વસ્થ તબીયતના હતા. આ સિવાય બીજા સાધુ મહારાજો પણ કંઇક ને કંઇક બિમારીવશ હતા. આવી સ્થિતિ હોવા છતાં આગળ વિહાર લંબાવવાની ઉત્કટ ઇચ્છા જણાતી હતી.

હું ત્યાં ગયો ત્યારે મુંબઈવાળા સદ્‌ગૃહસ્થોની રાહ જોવાતી હતી. સાંજના મેઈલ સુધી રાહ જોતાં પણ તેઓ આવી પહોંચ્યા નહીં તેથી, શનિવારે મારે અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિ સાહેબોની જરૂરી મીટીંગમાં હાજરી આપવાની અગત્ય હોવાથી, હું શુક્રવારના સાંજના નીકળી શનિવારે સવારે અમદાવાદ પાછો આવ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**બુધવારપક્ષના મુનિરાજોની સહિઓ :—**

મુંબઈવાળા બન્ને સદ્‌ગૃહસ્થો પણ મુંબઈ અને પુના બિરાજતા આચાર્ય મહારાજોની સહિયો લઇ ગુરૂવારે મુંબઈથી રવાના થઈ શુક્રવારે સવારે અમદાવાદ આવ્યા, અને શેઠ શ્રી ગિરધરલાલ છોટાલાલની સાથે પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી તથા કલ્યાણવિજયજીની સહીઓ લેવા ગયા. અહીં તેઓને સાફ જણાવવામાં આવ્યું કે પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી અથવા કલ્યાણવિજયજીને માટે કોઈ પણ સંજોગોમાં અમદાવાદ છોડી ખંભાત અગર બીજે ક્યાંઈ પણ જવું શક્ય ન હતું. અને તેઓશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો અમદાવાદમાં ચર્ચા કરવી હશે તો જ તેઓ તે કરી શકશે. આમ છતાં તેઓ બન્નેએ સહીઓ કરી આપી હતી.

ત્યારપછી મુંબઈવાળા સદ્‌ગૃહસ્થો શેઠ ગિરધરલાલ છોટાલાલની સાથે શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈની મોટર લઈ પૂજ્ય શ્રી લબ્ધિસૂરીજીને મળવા અને તેમની સહી લેવા ધોલેરા ગયા. તેઓશ્રીની સહી કરાવી મુંબઈવાળા સદ્‌ગૃહસ્થો મોટર લઈને રાજકોટ ગયા અને શેઠ ગિરધરલાલ અમદાવાદ પાછા આવ્યા. રાજકોટમાં શેઠ સારાભાઈની મોટર મૂકીને બીજી મોટર લઈને શેઠ નગીનદાસ તથા શેઠ જીવાભાઈ શનિવારે રાતના જામવનથલી પહોચ્યા.

આ તરફ તા. ૨૧–૫–૩૭ ને શુક્રવારની સાંજ સુધી વાટ જોવા છતાં મુંબઈવાળા બન્ને સદ્‌ગૃહસ્થો નહીં આવેલ હોવાથી શેઠ શ્રી પોપટલાલભાઈએ તથા પૂજ્યશ્રી સાગરાનંદસૂરિજીએ પોતપોતાના નામથી નીચે મુજબના બે જુદા તારો શેઠ નગીનદાસ તથા શેઠ જીવાભાઈ ઉપર મોકલ્યા :—

**પોપટભાઈએ કરેલો તાર :—**

"લેવાયેલી સહિયો સાથે શરતોના ખુલાસા માટે શુક્રવારે જામવનથલી આવવા માટે તમને તારો કર્યા છતાં તમો આવ્યા નહીં અને જવાબ પણ આપ્યો નહીં. તેથી મેં સાધુઓને ખંભાત તરફ આગળ વિહાર કરતાં અટકાવ્યા છે અને તેઓને જામનગર પાછા ફરવાની વિનંતિ કરી છે."

**શ્રી સાગરાનંદસૂરિજીએ કરેલો તાર :—**

"પુનાથી આવતા અને બીજા સાધુઓની અનુકૂળતા માટે, અમદાવાદને બદલીને, જે સ્થળ નિયત થઈ ચૂક્યું છે તે ખંભાત તરફ વિહાર કરવા માટે, તમારા તાર પ્રમાણે, સંવત્સરીના ઝઘડાના નિવેડા માટે, હું જામવનથલી આવ્યો છું. શરતો માટે તમને અહીં તેડાવ્યા હતા, પણ તમો આવ્યા નહી અને જવાબ (પણ) આપ્યો નહી. આથી એમ નક્કી થાય છે કે તમારો પક્ષ શાસ્ત્રાર્થ કરવા ચાહતો નથી. તેથી મેં આગનો વિહાર અટકાવ્યો છે."

આ તાર મુંબઈ પહોંચ્યા પછી મુંબઈથી સેવંતીલાલે તારીખ ૨૧–૫–૩૭ ના દિવસે શ્રીસાગરાનંદસૂરિજી ઉપર નીચે પ્રમાણે તાર કર્યો જે તેઓશ્રીને તારીખ ૨૨–૫–૩૭ ની સવારમાં મળ્યો.

"તાર મળ્યો, નગીનભાઈ અને જીવાભાઈ રવાના થઈ ગયા છે. પોપટભાઈને સ્ટેશને લેવા જવાના સમાચાર આપશો."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ તાર મળ્યા પછી શેઠ પોપટભાઇએ તરત જ મારા ઉપર નીચે પ્રમાણે તાર કર્યો:—

"એકદમ આવો."

એથી હું તા. ૨૨–૫–૩૭ ને શનિવારની રાતના ફરી પાછો જામવનથલી જવા રવાના થયો. આ વખતે અમદાવાદ સ્ટેશનથી શેઠ ગિરધરલાલ છોટાલાલ મારી સાથે ભેગા થઈ ગયા હતા. અમે બન્ને જણા રવિવારે સવારે જામવનથલી પહોંચ્યા.

**મુંબઇવાળા શેઠીઆઓ સાથે ફરી વાતચીત:**

અમે ત્યાં પહોંચ્યા તેની આગલી રાતે–શનીવારની રાતે–મુંબઈવાળા બન્ને સદ્‌ગૃહસ્થો પણ ત્યાં પહોંચી ગયા હતા. અને તેઓ પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીને ત્યાં જોઈને અજાયબ થયા હતા. શેઠ નગીનભાઈએ કહ્યું હતું કે આપની તો આવવાની વાત જ ન હતી અને સંભાવના પણ ન હતી. છતાં આપ આવ્યા એ અજાયબ જેવું છે. ત્યારે પૂજ્ય મહારાજશ્રીએ જણાવ્યું કે આ બધાના આગ્રહને વશ થઈને, નથી ચલાતું છતાં પણ, તમારી શાંતિ માટે આવવું પડયું છે. અને તેઓએ સહિયો કરેલો નીચેની મતલબનો મુસદ્દો રજુ કર્યો:—

"સંવત્સરી તિથિના કારણે જે મતભેદ ઉભો થયો છે તેનો નિર્ણય કરવા માટે ખંભાત મુકામે તટસ્થ બે પંડિતોને પાસે રાખી શાસ્ત્રાર્થ–ચર્ચા–કરી નિર્ણય લાવવા નક્કી કરેલ છે. જો સાધુમંડળ એકમત ઉપર ન આવે તો પાસે રાખેલા પંડિતો જે એકમતે નિર્ણય આપે તે અમારે સઘળાને કબૂલ છે.

પંડિતો જો એકમતે નિર્ણય ન આપે તો સરપંચ જે નિર્ણય આપે તે કબૂલ છે."

આ મુસદ્દા નીચે પ્રેમસૂરિજી, રામસૂરિજી, સિદ્ધિસૂરિજી, લબ્ધિસૂરિજી, કલ્યાણવિજયજીની સહીઓ હતી.

આવી મતલબનો મુસદ્દો જોઈને મુંબઈવાળા બન્ને સદ્‌ગૃહસ્થોને પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી તરફથી પૂછવામાં આવ્યું કે—તમે તમારા કાગળમાં લખ્યું છે કે ત્રણ સાધુમહારાજો હાજર રહેશે. પરંતુ કલ્યાણવિજયજી તો અમાદવાદ છોડવાની સ્પષ્ટ નામરજી બતાવે છે. અને શેઠ નગીનદાસના કહેવા પ્રમાણે શ્રી લબ્ધિસૂરિજી એમ જણાવે છે કે ચર્ચા કરવા ગમે તે ક્ષુલ્લક સાધુ પણ બેસે. તો પછી અત્રે (જામનગર)થી ખંભાત જનાર સાધુઓ કોની સાથે ચર્ચા કરે, એ નિર્ણય થવો જોઈએ. મુસદ્દામાં લખેલ પંચો તથા સરપંચની નિમણૂક જો, થયેલ વાતચીત પ્રમાણે, સંઘના આગેવાન ગૃહસ્થોએ કરવાની હોય તો અમને વાંધો નથી. આ સાંભળીને શેઠ જીવાભાઈ, નગીનભાઈ તથા ગિરધરલાલે જણાવ્યું કે આ મુસદ્દા ઉપર સહીઓ લેતાં, પંડિત માલવીયાજી પંચ નીમશે અને પંચ એકમત નહિ થતાં તેઓ પોતે જ સરપંચ તરીકે કામ કરશે એમ જણાવીને સહીઓ લેવામાં આવી છે.

આ ઉપરથી મુંબઈવાળા સદ્‌ગૃહસ્થોને મેં પૂછયું કે ભારતભૂષણ પંડિત શ્રી માલવીયાજીએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે કેમ? ત્યારે તેઓએ જણાવ્યું કે આ સંબંધમાં પંડિત શ્રી માલવીયાજીને પૂછવામાં આવ્યું નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આથી તેમને (મુંબઈવાળા સદ્‌ગૃહસ્થોને) વધુમાં કહેવામાં આવ્યું કે — જેમ તમે તમારા પત્રમાં કલ્યાણવિજયજીના હાજર રહેવાની ખાતરી આપ્યા છતાં તેઓ હાજર રહેવા તૈયાર નથી તેવી રીતે—ભારતભૂષણ પંડિત માલવીયાજી જેવા મહાન દેશનેતાને ફૂરસદ ન હોવાથી તેઓ આવા ધાર્મિક ઝગડામાં પડવાની ના પાડે તો અત્રેથી સખત ગરમીમાં બસો માઈલનો વિહાર કરીને ખંભાત ગયેલા સાધુમહારાજોની શી દશા થાય? તમારી બાજુના સાધુઓ પૈકી કોઈને એક ડગલું પણ ભરવું નથી. રામચંદ્રસૂરિજી ઉનાળાના કારણે આવી શકે એમ નથી, કલ્યાણવિજયજી આવવા તૈયાર નથી અને લબ્ધિસૂરિજીએ ખંભાતમાં ચોમાસુ કરવાનું નક્કી કરેલ હોવાથી તેઓ તો ખંભાત જવાના જ છે. માત્ર જંબુવિજયજીને, તેઓ ડભોઈ હોવાથી, વિહાર કરીને કદાચ ખંભાત આવવાનું રહે.

**વચલે રસ્તે મળવા સંબંધી વિચાર:**

આવી બધી સ્થિતિ હોવાથી પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીએ જણાવ્યું કે — ચર્ચા કોણ કરશે અને સંઘના આગેવાનો જ પંચ અને સરપંચની નિમણુક કરશે એ વાતનો સ્પષ્ટ નિર્ણય ન થાય ત્યાં સુધી,—વધુ આગળ વિહાર કરવો લાભદાયક નથી. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે રામચંદ્રસૂરિની તબિયત ખરેખર બિમાર હોય તો ભલે તે ન આવે, પરંતુ ચર્ચા કોણ કરશે અને તેમના તરફથી ચર્ચામાં ઊભા રહેનારની ચર્ચા તેઓને માન્ય રહેશે તથા પંચ તથા સરપંચની નિમણૂક, તમે (મુંબઈના સદ્‌ગૃહસ્થોના) કહેવા પ્રમાણે કોઈ પણ એક પક્ષે ન કરતાં સંઘના સર્વ પક્ષી આગેવાનોની બનેલી એક સમિતિએ કરવી; એ બે વાતોનો સ્પષ્ટ સ્વીકાર સોમવારની સાંજ સુધીમાં કરવામાં આવશે તો અમે વિહાર કરીને ખંભાત સુધી આવવા તૈયાર છીએ. અને સાથે સાથે જણાવ્યું કે જો એના માટે વધારે દિવસ લાગે તેમ હોય તો પછી ખંભાતના બદલે રાજકોટ, ચોટીલા વગેરે મધ્ય સ્થળે મળવાનું રાખો તોપણ અમે ત્યાં આવવા તૈયાર છીએ.

આ ઉપરથી મેં મુંબઈવાળા સદ્‌ગૃહસ્થોને જણાવ્યું કે જો સંઘમાં ખરેખર શાંતિ સ્થાપવાની ભાવના હોય તો આ વાત તો બહુ સરળ છે, કેમકે રામચંદ્રસૂરિજી પુનાથી આવી શકે એમ નથી. કલ્યાણવિજયજી અમદાવાદ છોડવા તૈયાર નથી. ફક્ત સવાલ શ્રી લબ્ધિસૂરિજીનો જ રહે છે. અને તેઓ સાહેબ હાલ ધોલેરા બિરાજે છે, જ્યાંથી ખંભાત લગભગ પચાસ માઈલ દૂર છે. તો ૫૦ માઈલનો વિહાર કરી ખંભાત જઈ કજિયાના એક પક્ષના નાયક થવા કરતાં પોણોસો માઈલ આ બાજુ આવી કજિયાની હંમેશની શાંતિ થાય તેવો માર્ગ કાઢવો વધારે ઉત્તમ છે અને આમાં કાંઇ વાંધો આવે એમ લાગતું નથી.

આ ચર્ચા થતાં લગભગ બપોરનો દોઢ વાગી જવાથી અને મુનિમંડળે હજુ આહાર પાણી નહીં કરેલ હોવાથી અમો સેવા પૂજા કરવા ઉઠ્યા અને જમી પરવારી ફરી પાછા લગભગ સાડાત્રણ વાગે મુનિમહારાજો સમક્ષ હાજર થયા.

**પંચ-સરપંચ માટે ગૃહસ્થોની સમિતિ:**

આ વખતે પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ જણાવ્યું કે સંઘના પંદર આગેવાનોનાં નામ જે મેં તમને પ્રથમ કહ્યાં હતાં તે પંદરની સમિતિ તમને બહુ મોટી જણાય તો તેના બદલામાં નીચેના નવ ગૃહસ્થોની સમિતિ બનાવવી:

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) શેઠ જીવતલાલ પ્રતાપશી, (૨) શેઠ નગીનદાસ કરમચંદ, (૩) શેઠ બકુભાઈ મણિલાલ, (૪) શેઠ મયાભાઈ સાંકળચંદ, (૫) શેઠ પોપટલાલ ધારશીભાઇ, (૬) શેઠ ગિરધરલાલ છોટાલાલ, (૭) શેઠ ભગુભાઈ ચુનિલાલ, (૮) પ્રતાપસિંહ મોહોલાલભાઈ અને (૯) અમદાવાદના નગર શેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈ.

અને વધુમાં જણાવ્યું કે આ નવ ગૃહસ્થોની બનેલી સમિતિ ચર્ચા માટેના બે પંડિતો–પંચો–ને નક્કી કરી આપે અને એ બે પંચો એકમત ન થાય તો સરપંચની નિમણૂક પણ એ સમિતિ જ કરે. ચર્ચા કરવા માટે એક પક્ષ તરફથી મુખ્ય સાગરાનંદજી અને તેમના મદદગાર નંદનસૂરી તથા લાવણ્યસૂરી રહે અને બીજા પક્ષ તરફથી ચર્ચા કરનાર તરીકે મુખ્ય લબ્ધિસુરિજી અને તેમના મદદગાર જંબુવિજયજી અને કલ્યાણવિજયજી રહે. પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ જણાવ્યું કે ચર્ચાને માટે એક પક્ષ તરીકે સાગરાનંદજી નક્કી જ છે અને બીજા પક્ષ તરફથી રામચંદ્રસૂરિ નક્કી થયેલ છે. હવે જો રામચંદ્રસૂરિ ન આવવાના હોય તો લબ્ધિસૂરિજી અગર જંબુવિજયજી ગમે તે એકનું નામ રાખો, કેમકે કલ્યાણવિજયજી તો ખંભાત આવવાની ના પાડે છે, માટે તેમનું નામ રાખવું નકામું છે. ત્યારે શેઠ નગીનભાઇએ જણાવ્યું કે તેમનું નામ તો રાખો, નહીં તો તેમને ખોટું લાગશે. આ પ્રમાણે તેમના તરફથી ત્રણ નામ રાખ્યાં ત્યારે પૂજ્ય શ્રી સાગરાનંદ સૂરિજીનાં મદદગાર તરીકે પણ બે નામ રાખ્યાં.

મુસદ્દો મુંબાઇ સમાચારના તા. ૬–૫–૩૭ ના અંકમાં છપાઈ ગયો છે તે ઉપરથી જણાશે કે મદદગારોને ફરજિયાતપણે હાજર રહેવાનું ન હતું.

**વાટાઘાટ ઉપર ફરી પડદો:**

પરન્તુ મુંબઇવાળા બન્ને સદ્‌ગૃહસ્થોએ આનો સોમવાર સુધીમાં સ્વીકાર થવાની અશક્યતા જાહેર કરી હતી અને સાથે સાથે, શ્રી સાગરાનંદસૂરિજીએ સોમવાર પછી આ વાતનો સ્વીકાર થાય તો કોઇ મધ્ય સ્થળે ચર્ચા કરવાની તત્પરતા બતાવી હતી તે પ્રમાણે, મધ્ય સ્થળે મળવાનું નક્કી કરવાની પણ અશક્યતા જાહેર કરી હતી. એટલે શેઠ શ્રી પોપટલાલભાઈએ મુંબઈવાળા સદ્‌ગૃહસ્થોને જણાવ્યું કે હવે તેઓશ્રી મુનિમંડળને જામનગર પાછા ફરવાની વિનંતી કરી તેઓને જામનગર લઈ જવા ગોઠવણ કરશે. અને સર્વ સંઘ વચ્ચે શેઠ ગિરધરલાલ છોટાલાલે કહ્યું કે તમે હવે સુખેથી લઈ જાઓ.

આ પ્રમાણે આ ચર્ચા ઉપર ફરી પાછો પડદો પડ્યો.

અને શેઠ જીવતલાલ તથા શેઠ નગીનદાસ મોટરમાર્ગે રાજકોટ તરફ રવાના થયા. અને હું તથા ગિરધરભાઈ રવિવારની રાતના અમદાવાદ તરફ આવવા રવાના થયા. જામવનથલીથી અમદાવાદ તરફ જતાં રસ્તામાં વિચારણા થવાથી હું જામવનથલી પાછો જવાને માટે રાજકોટ ઉતરી ગયો અને શેઠ ગિરધરભાઈ એકલા અમદાવાદ ગયા. અને હું સોમવારની સવારમાં પાછો રાજકોટથી જામવનથલી પહોંચ્યો.

**પૂજ્ય સાગરાનંદસૂરિજી વગેરેને પાછા ફરતા રોકયા :**

ત્યાં પહોંચીને મેં શ્રી વિજયનેમિસૂરીશ્વરજી તથા શ્રી સાગરાનંદસૂરિજીને વિનંતી કરી કે–આપ સાહેબ તરત જ જામનગર પાછા ન ફરતાં ચાર દિવસ વધુ અહીં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જામવનથલીમાં રોકાઓ અને તે અરસામાં અમે વચલા માર્ગે મળવાનો કંઈક પ્રયત્ન કરીશું. મારી આ વિનંતિનો તેઓશ્રીએ સ્વીકાર કર્યો અને શનિવાર સુધી ત્યાં જ રોકાવાનું કબુલ કર્યું.

**પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી સાથે વાતચીત :**

હું સોમવારના દિવસે જામવનથલીથી રવાના થઈ રાતના મેઈલમાં અમદાવાદ પાછો આવ્યો. અને મંગળવારના દિવસે બપોરના હું, શેઠ ભગુભાઈ ચુનીલાલ, શેઠ ચીમનાભાઈ લાલભાઈ, શેઠ ગિરધરલાલ છોટાલાલ, શેઠ મયાભાઈ સાંકળચંદ તથા ઝવેરી મોહનલાલ ગોકળદાસ પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજને આ બાબતમાં વિનંતી કરવા ગયા. તેઓશ્રીએ કહ્યું કે મેં તો સહી કરતાં જ સ્પષ્ટ કહ્યું હતું કે મારાથી અગર મારા સાધુથી અમદાવાદ છોડી બીજે ક્યાંઇ જઈ શકાય એમ નથી, કારણ કે મારી વૃદ્ધ ઉમર છે અને કલ્યાણવિજયજીને જોગમાં દાખલ કર્યા છે. અમે મુસદ્દામાં સહી કરી છે તે કેવળ એટલા જ માટે કે અમારા નિમિત્તે આ વાટાઘાટ પડી ન ભાંગે.

મેં તેમને વિનંતિ કરી કે જો આ ઝઘડાનો નિર્ણય પર્યુષણ પહેલાં નહીં થાય તો સંઘમાં મહા અશાંતિ થવાનો સંભવ છે, તેથી આપશ્રી કૃપા કરીને કંઈક તોડ કાઢી આપો અને પૂજ્ય શ્રી લબ્ધિસૂરિજીને ફરમાવો કે તેઓ ખંભાત જવાના બદલે જામનગર અને ખંભાતની વચ્ચે મધ્ય માર્ગે મળી ચર્ચા કરી નિર્ણય લાવવાનો પ્રબંધ કરે. આના જવાબમાં તેઓશ્રીએ સાફ શબ્દોમાં કોઇને પણ એવું કહેવાની પોતાની અશક્તિ જણાવી. અને જણાવ્યું કે અમારે ને તેમને તેવો વ્યવહાર નથી. વળી મ્હારે છાપાઓની લખાપટ્ટીમાં પડી મારો આત્મા બગાડવો નથી. આ ચર્ચા અમોએ ઉપસ્થિત કરેલી નથી. તેઓને (રામચંદ્રસૂરિને) ઉપસ્થિત કરવી છે. તેઓએ જવાબદારી લેવી જોઈએ. હું સંઘમાં શાંતિ થાય એમ સંપૂર્ણ ઇચ્છું છું. મારો બનતો પ્રયત્ન મેં ગઇ સાલ કર્યો હતો, અને આ સાલ પણ બનશે તે કરીશ. જો તેઓ પૈકી કોઈ પણ વચલે રસ્તે મળવા તૈયાર હોય તો મારી ના નથી. ફક્ત અમારાથી આવવાનું બની શકે તેમ નથી. વળી વધુમાં તેઓશ્રીએ ફરમાવ્યું કે જો તોડ કાઢવાની ઇચ્છા થાય તો લખીને નિવેદનો તૈયાર કરાવો. અને કલ્યાણવિજયજી પણ લખી આપશે. અને તે નિવેદનો પંડિતો પાસે નિર્ણય માટે રજુ કરી આનો તોડ કાઢો. અમોએ જણાવ્યું કે આ સૂચના તદ્દન નવીન છે. તેને માટે અમો અમારો બનતો પ્રયત્ન કરીશું.

**પુનામાં વાતચીત : લેખિત શાસ્ત્રાર્થની સૂચના :**

શ્રી પ્રેમસૂરિજીને અને શ્રી રામચંદ્રસૂરિજીને મળવા માટે શેઠ શ્રી મયાભાઈ સાંકળચંદ અને શેઠ શ્રી ગિરધરભાઈ છોટાલાલ મંગળવારની રાત્રે મુંબઈ ગયા. તે બન્ને જણા શેઠ જીવતલાલ તથા શેઠ સારાભાઈ ડાહ્યાભાઈને લઈ શ્રીપ્રેમસૂરિજી મહારાજને મળ્યા. અને તેઓ સાહેબ પાસેથી પત્ર લખાવી શ્રી રામચંદ્રસૂરિજીને મળવા શેઠ મયાભાઈ, શેઠ ગિરધરભાઈ, શેઠ જીવાભાઈ, શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ તથા શેઠ મૂળચંદ બુલાખીદાસ ગુરૂવારે રાતના પુના ગયા. શ્રીરામચંદ્રસૂરિજીએ પુના છોડવાની પોતાની અશક્તિ જણાવી અને રૂબરૂ ચર્ચા કરવાની હોય તો કલ્યાણવિજયજીની હાજરીની ખાસ આવશ્યકતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બતાવી. અને કલ્યાણવિજયજી હાજર થઈ શકે એમ ન હોવાથી તે પ્રમાણે વર્તી શકે તેમ નથી એમ જણાવ્યું.

ત્યારે શેઠ સારાભાઈએ જણાવ્યું કે બધા નિવેદનો લખીને અને તે પંડિત માલવીયાજી પાસે મૂકીને આનો તોડ કાઢી શકાય કે નહીં ? તેના જવાબમાં શ્રી રામચંદ્રસૂરિજીએ જણાવ્યું કે તેમ કરવામાં તેઓ સહમત છે, પણ તેવાં નિવેદનો કરવા માટે તમામ સાધુ મહારાજોને આમંત્રણ આપવું જોઇએ તે જેને યોગ્ય લાગે તે મોકલી આપે. આ સૂચના પણ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજની સૂચનાને લગભગ મળતી હોવાથી તેને માટે પ્રયત્ન કરવાનું જણાવી તેઓ છૂટા પડયા.

**પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી તથા પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી વચ્ચે તાર વ્યવહાર:**

આ નિવેદન તૈયાર થાય છે તે દરમ્યાન, છેલ્લા અઠવાડિયામાં, પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી તથા પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીની વચ્ચે, આ વર્ષની સંવત્સરીનો નિર્ણય લાવવા માટે શાસ્ત્રાર્થ કરવા સંબંધી લંબાણ તાર-વ્યવહાર થઈ ગયો છે.

આ તાર-વ્યવહાર દરમ્યાન પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીના પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી ઉપરના પહેલા તારના જવાબમાં શ્રી રામચંદ્રસૂરિજીની આજ્ઞાથી ભાઈ કેશવલાલે જે તાર પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી ઉપર કર્યો છે તેમાં પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ પણ શાસ્ત્રાર્થના સ્થળે વિહાર કરીને આવવું એવી વાત-શરત-લખવામાં આવી છે. પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી આદરા પછી બીલકુલ વિહાર કરતા નથી તથા તેઓશ્રી વૃદ્ધાવસ્થા તથા પગનું દર્દ વગેરે કારણે ૧૫-૧૭ દિવસ જેટલા ટુંક ગાળામાં ૨૦૦-૩૦૦ માઈલ જેટલો લાંબો વિહાર કોઈ પણ રીતે કરી શકે એમ નથી એ વાત બરાબર જાણીતી હોવા છતાં, તેમજ પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીની સાથેના શાસ્ત્રાર્થના અંતે જે કંઈ નિર્ણય આવે તે માન્ય રાખવાની સ્પષ્ટ વાત કરી હતી છતાં તેઓશ્રીએ શાસ્ત્રાર્થના સ્થળે વિહાર કરીને પહોંચવું જ જોઈએ એવો આગ્રહ રાખવો તે બુધવારવાળા પક્ષની શાસ્ત્રાર્થ માટે કેટલી સાચી તૈયારી છે તે બતાવી આપે છે.

**મુનિ શ્રી કલ્યાણવિજયજીનો તાર:**

આ દરમ્યાન પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીને, શ્રી કલ્યાણવિજયજી તરફથી શાસ્ત્રાર્થ કરવા માટે અમદાવાદ આવવા સંબંધી તાર કરવામાં આવ્યો હતો. જેનો પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજે તારથી આપેલો જવાબ તા. ૭-૬-૩૭ ના મુંબઈ સમાચારમાં પ્રગટ થઈ ગયો છે.

શાસ્ત્રીય બાબતોમાં જ્યારે મતભેદ પડ્યો હોય અને જુદા જુદા મતને માનનારાઓ શાસ્ત્રાર્થદ્વારા એ મતભેદનો નિવેડો લાવીને એક મત સ્થાપવા માગતા હોય ત્યારે તે તે મતની મુખ્ય-આગેવાન વ્યક્તિઓ અથવા તો તે તે પક્ષમાં સમકક્ષ ગણાતી વ્યક્તિઓ વચ્ચે જ, ખરી રીતે, શાસ્ત્રાર્થની ગોઠવણ કરવી જોઈએ. એટલે કે મુખ્ય વ્યક્તિ અથવા તો સમકક્ષ વ્યક્તિએ જ શાસ્ત્રાર્થ માટે તૈયાર થવું જોઈએ. પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી જેવા વયોવૃદ્ધ, ગીતાર્થ અને આગમના ઊંડા જાણકાર, એવા જ બીજા મુનિરાજ સાથે અથવા તે મતના મુખ્ય ગણાતા મુનિરાજ સાથે શાસ્ત્રાર્થ કરે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યાજબી ગણાય. વળી બુધવારની સંવત્સરી માનનારાઓમાં પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી, પૂજ્ય શ્રી પ્રેમસૂરિજી અથવા તો છેવટે એ પક્ષના મુખ્ય એવા શ્રી વિજયરામચંદ્રસૂરિજી ક્યાં નથી?

આમ છતાં, જો કોઈ પણ રીતે એક મત થતો હોય તો, પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી આ સંબંધમાં ગમે તેની સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર છે. પણ કલ્યાણવિજયજી પોતે યોગના કારણે અમદાવાદ છોડવા તૈયાર નથી એમ બતાવી પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીને અમદાવાદ આવવાનું લખે છે અને તે પણ ગુરુવારની સંવત્સરી માનનાર સમસ્ત સમુદાયનું પ્રતિનિધિત્વ લઈને આવવાનું લખે છે ત્યારે તો તે શાસ્ત્રાર્થ કરવાની સાચી ઇચ્છા નહીં પણ એક પ્રકારનો છટકી જવાનો માર્ગ જ લાગે છે.

જો શાસ્ત્રાર્થ કરવો જ હોય તો યોગમાં હોવાના કારણે અમદાવાદ છોડવાની અશક્તિ વચમાં ન જ આવવી જોઈએ. કારણ કે જરૂરત જણાતાં, યોગમાં હોવા છતાં વિહાર ચાલુ રાખવાના દાખલાઓ જોવામાં આવે છે. વળી ઉપાધ્યાય શ્રી મનહરવિજયજી જેવા સશક્ત અને યોગની ક્રિયા કરાવી શકે તેવા મુનિરાજ પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં હયાત છે. તેઓની સાથે કે એવા બીજા કોઈ મુનિરાજની સાથે વિહાર કરીને, અગર ધારે તો, કલ્યાણવિજયજી વિહાર દરમ્યાન પણ પોતાના યોગ ચાલુ રાખી શકે. અલબત જો આ યોગની ક્રિયા કરાવવા માટે પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજીને પોતાની અતિવૃદ્ધાવસ્થાએ વિહાર કરવો પડતો હોય તો તે શક્ય ન થઈ શકે. અને એવી માગણી કરવી એ પણ બીલકુલ અસ્થાને ગણાય!

**મી. જૈનની "બનતી દરેક તપાસ":**

મુંબઈ સમાચારના તા. ૫–૬–૩૭ ના શનિવારના અંકમાંની જૈન ચર્ચામાં મી. જૈને આ સંવત્સરી શાસ્ત્રાર્થના નામે બીજી કેટલીય કપોલકલ્પિત અને અપ્રાસંગિક બાબતો લખી ફરી પાછો લોકોને ઉંધે માર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. મી. જૈન તેમાં લખે છે કે:—

> "મુંબઈ સમાચારમાં જૈન ચર્ચા બનતી દરેક તપાસ પછી જ લખવામાં આવે છે"

આ સંબંધમાં ખાસ વિચારવા જેવું એ છે કે મી. જૈને જો સાચે જ આ બાબતમાં કંઈ તપાસ કરી છે તો તે કયા પાયા ઉપર અને કોની પાસેથી? જામનગર કે જામવનથલીમાંથી તેમને આ બાબતમાં જરા પણ ખબર મળી નથી તેમ જ એવી ખબર ત્યાંથી મેળવવા માટે તેમણે એવો કોઈ સફળ પ્રયાસ પણ કર્યો નથી. મારી આ વાત ખોટી હોય તો મી. જૈન પોતાને જામનગર કે જામવનથલીમાંથી મળેલી સત્તાવાર માહીતી જાહેર કરી પોતાની સત્યતા સાબિત કરશે એવી આશા છે. વળી બીજા કોઈ સ્થળેથી એ હકીકતો મળી શકે એવી જરા પણ શક્યતા નથી. એટલે છેવટે તેમણે એ બધી હકીકત બુધારીયાપક્ષને અનુકૂળ પડે તેવા સાવ એક તરફી રૂપમાં મુંબઈમાંથી જ મેળવી હોવી જોઇએ, અને તે પણ આ શાસ્ત્રાર્થની વાટાઘાટમાં પડેલા મુંબઈના શેઠિયા પાસેથી જ, એમ માનવાને કારણ મળે છે. વાટાઘાટનું કંઇ પણ સક્રિય પરિણામ નહી આવતાં, તા–૨૪–૫–૩૭ના દિવસે તેઓ જામનગરથી મુંબઇ ગયા અને તા–૨૯–૫–૩૭ ના શનિવારની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૈનચર્ચામાં મી. જૈને એ સંબંધી સાવ એક પક્ષી અહેવાલ પ્રગટ કર્યો તે હકીકત આ માન્યતાને વધુ પુષ્ટ બનાવે છે. ભાઈશ્રી નગીનદાસ તા–૨૪ થી ૨૯ દરમ્યાન પોતે મુંબઈમાં હાજર ન હતા એટલે છેવટે એ બીના એક પક્ષી અને વિકૃતરૂપમાં શેઠ જીવાભાઈ તરફથી મી. જૈને મેળવેલી હોવી જોઇએ એમ ન છૂટકે માનવું પડે છે.

**મી. જૈનની અપ્રાસંગિક વાતો:**

તા–૫–૬–૩૭ની જૈનચર્ચામાં મી. જૈને પૂજ્ય શ્રી વિજયવલ્લભસૂરિજી તથા બીજા મુનિરાજોને તદ્દન ખોટી રીતે આમાં સંડોવીને આ સંબંધમાં મુનિમહારાજોમાં આપસ-આપસમાં વૈમનસ્ય વધે એ માટે રીતસર પ્રયત્ન કર્યો છે, એમ એ ચર્ચાના વાંચનાર કોઇ પણ સહૃદય માણસને લાગ્યા વગર નહીં રહે. જે વાતનો આ પ્રકરણ સાથે કોઈ પણ રીતે સંબંધ ન હોય તેવી સાવ અસંબદ્ધ અને અપ્રાસંગિક વાતો ઉપસ્થિત કરીને એક પ્રકારની ખોટી ઉશ્કેરણી ફેલાવવામાં મી. જૈન કયું સમાજ–હિત સાધવા માગે છે એ નથી સમજી શકાતું. પૂજ્ય શ્રી વલ્લભસૂરિજી કે બીજા કોઈ મુનિરાજને આ ચર્ચામાં સંડોવવામાં આવ્યા જ નથી.

ખરી વાત તો એ છે કે આ–શાસ્ત્રાર્થ કરીને આ સંવત્સરીનો દિવસ નક્કી કરવાની — વાતનો સીધે સીધો સંબંધ પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી તથા પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી સાથે જ હતો. અને મુંબઇવાળા શેઠિયાઓ સાથેની પ્રાથમિક વાતોમાં આ વાત તદ્દન સ્પષ્ટ હતી છતાં પાછળથી યોગ્ય મુસદ્દા ઉપર સહિયો મેળવવાની મુંબઈવાળા શેઠિયાઓની અશક્તિના કારણે જ પડીભાગેલી મંત્રણાઓનો અપયશનો ટોપલો બીજા ઉપર ઓઢાડી દેવા માટે, તેમજ મૂળ સાથે જેનો જરાય સંબંધ ન હોય એવી બીજી ત્રીજી ચર્ચાઓ લખીને, મુખ્ય મુદ્દા ઉપરથી, જનતાનું ધ્યાન બીજી અર્થહીન વાતો તરફ દોરી જવા માટે, મી. જૈને આવી ચર્ચાઓ ઉપસ્થિત કરી છે એ કોઈ પણ તટસ્થ માણસ સમજી શકે એમ છે.

જૈનચર્ચાના લેખક મી. જૈન પાંચમી તારીખના મુંબઈસમાચારના અંકમાં તેઓ સ્વયં લખે છે તે પ્રમાણે પોતે એક ચર્ચા–પત્રના લેખક છે એ વાત ભૂલી જઈને, જાણે પોતે મુંબઇસમાચારના તંત્રી મંડળમાંના એક હોય એવી રીતેઃ—

" બીજાઓને તે સંબંધમાં ચર્ચા કરવા માટે કોલમો ખુલ્લા રાખવામાં આવે છે. " આ પ્રમાણે લખે છે ત્યારે તો ખરેખર, એમની બેદરકારી જણાઇ આવ્યા વગર નથી રહેતી.

મી. જૈન પોતાની ચર્ચામાં જણાવે છે કે આ સંવત્સરીની વાત નવી ઉપસ્થિત નથી થઇ પણ નવ નવ માસથી ચર્ચાઈ રહી છે. તો આ સંબંધમાં મારે તેમને એટલું જ પૂછવાનું છે કે સાચે જ જો આ વાત ૯–૧૦ મહીનાથી ચર્ચાતી હતી અને તેનો યોગ્ય નિવેડો લાવવાની ઉત્સુકતા હતી તો પછી પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીએ, એ નિવેડા માટે પ્રયાસ કરવા માટે, ગુજરાત તરફ વિહાર ન કરતાં ઊંડે ઊંડે દક્ષિણ તરફ વિહાર કેમ કર્યો ?

વળી મને પોતાને આની સાથે સંબંધ છે તે પ્રમાણે મારે એ ૯–૧૦ મહિનાથી ચાલતી કહેવાતી ચર્ચા સાથે કશો સંબંધ નથી. મેં મુંબઈ સમાચારમાં જે કંઇ જાહેર કર્યું હતું તે માત્ર મી. જૈનના તા. ૨૯–૫–૩૭ ના મુંબઇ સમાચારમાંની જૈનચર્ચાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છેલ્લા પેરેગ્રાફનો જવાબ આપવા માટે જ! હજુ પણ હું ચોક્કસપણે માનું છું કે એમણે લખેલી એ બાબત સત્યથી વેગળી અને તેથી જનતામાં ગેરસમજ ફેલાવનારી હતી.

તા. ૫-૬-૩૭ના અંકમાં મી. જૈન સલાહ આપે છે કેઃ—

"વધુ સમજવા જેવું એ છે કે બીજા બીન સત્તાવાર માણસોને બદલે પોતે જ જે કાંઇ કરવું હોય તે પોતાની સહી સાથે પ્રગટ કરવું જોઇએ, કે જેથી વચમાં કોઇ ગોટાળો કે ગેરસમજનું કારણ ઉત્પન્ન થવાનો સંભવ ઓછો રહે."

પણ જે પક્ષને માટે તેઓ આટલું બધું આડુંઅવળું લખ્યા કરે છે તે પક્ષના શ્રી રામચંદ્રસૂરિજી પોતે પોતાની સહીથી કશું કરતા નથી અને પૂજ્ય સાગરાનંદસૂરિજીના સીધા તેમના ઉપરના તારનો જવાબ પણ, પોતાના નામથી નહિ આપતાં, કોઈ ભાઈ કેશવલાલના નામથી આપવામાં આવ્યો છે, જ્યારે પૂજ્ય સાગરાનંદસૂરિજીએ તો પોતાના જ નામથી તાર કરેલ છે. આ બધી વાત, ઉપર પ્રમાણે સલાહ આપતી વખતે પણ, મિ. જૈનના ધ્યાન બહાર કેમ ગઈ છે એ સમજી શકાતું નથી.

મિ. જૈને જામનગરમાં પોપટલાલ કાળીદાસ શાહ નામના માણસનો ઉલ્લેખ કરેલ છે તે બિલકુલ બિનપાયાદાર છે. જામનગરમાં એ નામની કોઈ જવાબદાર વ્યક્તિ છે જ નહિ, એટલે એનું નામ લઈને લખેલી બાબતો માટે મિ. જૈન પોતે જ જવાબદાર છે.

મુંબઈ સમાચારમાં અમદાવાદીના નામે માઈલેજનો હિસાબ કરનાર ભાઈએ જાણવું જોઈએ કે જામનગરથી ચોટીલા ૮૫ માઇલ છે અને અમદાવાદથી ચોટીલા ૧૦૫ માઈલ છે. એટલે વચલે રસ્તે મળવામાં માત્ર દશ માઈલના વધુ વિહારનો જ સવાલ છે. પડદા પાછળ રહીને ચર્ચા કરનારને, ખરી રીતે, જવાબ આપવાનો હોય જ નહિ, પણ સત્ય વસ્તુ બહાર લાવવા ખાતર જ આટલું લખવું પડ્યું છે.

**મેં લખેલી વાતો પુરવાર કરવાની મારી તૈયારી :**

મિ. જૈન પોતે પોતાની વાતો "બનતી દરેક તપાસ પછી જ લખવામાં આવેલી" જણાવે છે. હું પણ આમાં ઉલ્લેખાયેલી તમામ હકીકત સાચી હોવાનું ખાત્રીપૂર્વક જણાવું છું. આવી સ્થિતિમાં પણ કોણ સાચું છે એનો નિર્ણય આ ચર્ચાને વાંચનાર દરેક સુજ્ઞ માણસ આપોઆપ કરશે. છતાં પણ શેઠ જીવાભાઈ અગર શેઠ નગીનભાઈ મેં લખેલી આ વાત ખોટી છે એમ પુરવાર કરવા માગતા હોય તો પક્ષરાગથી દૂર એવા સર કીકાભાઈ પ્રેમચંદ, બાબુ ભગવાનદાસ પન્નાલાલ, શેઠ શાંતિદાસ આસકરણ કે એમના જેવા કોઈ પણ સદ્‌ગૃહસ્થો પાસે તેમનો કેસ રજુ કરે. અને હું મૌખિક સ્વતંત્ર સાક્ષીઓ અને લેખિત પુરાવાઓ (ડોકયુમેન્ટસ) દ્વારા મારી વાતને પુરવાર કરવા તૈયાર છું. જો મારી વાત સાચી ઠરાવવામાં હું નિષ્ફળ નીવડું તો હું જાહેર રીતે શ્રી સંઘની માફી માગીશ અને પૂજ્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજી આ માટે જે કંઈ પ્રાયશ્ચિત્ત આપશે તે સહર્ષ કબૂલ રાખીશ. નહિ તો તે શેઠિયાઓએ તે પ્રમાણે કરવું અને પોતાનો આગ્રહ છોડી દઈને સમાજને સત્ય સમજવાનો અવકાશ આપવો.

**પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી અને મૌખિક શાસ્ત્રાર્થ :**

હું તો માનતો હતો અને માનું છું કે પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી કદી આવા મૌખિક શાસ્ત્રાર્થ માટે તૈયાર હતા પણ નહીં અને છે પણ નહી. શેઠ જીવાભાઈને તેમણે નરમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તબીયત તથા તડકાના કારણે શાસ્ત્રાર્થ કરવા માટે, વિહાર કરવાની ના પાડી. જે વાત શેઠ જીવાભાઇ તથા શેઠ નગીનભાઇએ તેમના પૂજ્ય શ્રી વિજયનેમિસૂરિશ્વરજી તથા પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી ઉપર ભેગા લખેલા તા. ૧૭-૫-૩૭ ના પત્રમાં લખી છે. આમ જ્યારે પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી, પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી વગેરે સાથે, મુંબઈવાળા શેઠિયાઓના લખવાથી, શાસ્ત્રાર્થ માટે જામનગરથી વિહાર કરી ચૂક્યા અને જામવનથલી સુધી પહોંચી ગયા ત્યારે "પહેલે કોળીએ માખી" ની માફક શાસ્ત્રાર્થ માટેનો શ્રી રામચંદ્રસૂરિજીનો વિહાર જ મોકુફ રહ્યો. ત્યારપછી શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ વગેરે સદ્-ગૃહસ્થો સાથેની વાતચીતમાં પણ તેમણે વિહાર કરવાની ચોકખી ના કહી હતી. આમ બીજે પગથિયે—કે જ્યારે પૂ. સાગરાનંદસૂરિજી વગેરે શાસ્ત્રાર્થની શક્યતા માટે, વિહાર આગળ વધારવાના હેતુથી જામવનથલીમાં સ્થિરતા કરી રહ્યા હતા ત્યારે—પણ વાત ત્યાંની ત્યાં જ રહી. તબીયત સંબંધી પૂછતાં શ્રી રામચંદ્રસૂરિજીએ પોતે જ માત્ર એક દિવસ માટે તાવ આવી જવાનું કહ્યું હતું. વળી આ દરમ્યાન પુનામાં ચાર-પાંચ કલાક માટે પાંચ-છ માઇલ જેટલું સામૈયામાં ફર્યાની અને તેમણે દેશના આપ્યાની વાત પણ બહાર આવેલી છે. વળી વિહાર નહીં કરવામાં એક તરફ તાપનું કારણ બતાવવામાં આવે છે જ્યારે બીજી તરફ વરસાદ શરૂ થયાનું બહાનું પણ આગળ કરવામાં આવે છે. મી. જૈને પણ આ વાતનો ઉલ્લેખ કરેલ છે. પણ સામાન્ય વરસાદ કે વાદળાના કારણે તો વિહારમાં પ્રતિકૂળતાના બદલે અનુકુળતા જ થાય છે. કારણકે વરસાદ અને વાદળાથી બહુ ગરમી સહન કરવાની રહેતી નથી. વળી આખો દિવસ વરસાદ આવ્યા જ કરતો હોય એવી વાત પણ છાપાઓમાં જણાતી નથી, કે જેથી વિહાર અટકી પડે. જ્યારે બીજા પક્ષને તો ખરેખરી ગરમીમાં વિહાર કરવાનો હોઇ તડકો સહન કરવાનો હતો. એટલે તડકો કે વરસાદ એ મૌખિક શાસ્ત્રાર્થમાં નહીં ઉતરવાનું એક બહાનું જ છે. આમ એક તરફ વિહાર માટે દરેક અશક્યતા બતાવાય છે ત્યારે બીજી તરફ જો પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની સાથે પૂજ્ય શ્રી સાગરજી મહારાજ શાસ્ત્રાર્થના સ્થળે આવતા હોય તો, પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી તારદ્વારા, વિહાર માટે તૈયારી બતાવે, ત્યારે સાચું શું એ સમજવું મુશ્કેલ બની જાય છે. શું શ્રી વિજયનેમિસૂરીશ્વરજી શ્રી સાગરાનંદસૂરિજીની સાથે આવતા હોય તો વરસાદ અને તડકો કે વિહારની બીજી માનેલી પ્રતિકૂળતાઓ દૂર થઇ જતી હશે? પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી ઉપરના શ્રી રામચંદ્રસૂરિજીના તારમાં જણાવેલી વિહારની તૈયારી જો સાચી જ હોય તો નથી લાગતું કે પહેલાં તેમણે જણાવેલ તાપ વગેરેનાં કારણો કેવળ બહાનારૂપ જ હતાં? એટલે ખરી વાત એ છે કે પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી કોઇ પણ રીતે મૌખિક શાસ્ત્રાર્થ માટે તૈયાર નહોતા અને અત્યારે પણ નથી. જો મૌખિક શાસ્ત્રાર્થ થાય તો કલ્યાણવિજયજીની ખાસ જરૂર હોવાની શ્રી રામચંદ્રસૂરિજીએ કરેલી વાતથી આ વાતને ખૂબ પુષ્ટિ મળે છે. જો શાસ્ત્રાર્થ કરવા માટે તેઓ સાચે જ તૈયાર હોત તો આવી વાત તેઓ ન જ કરત! અસ્તુ.

આ બધા ઉપરથી જનતાને જણાશે કે આપના તા. ૨૯-૫-૩૭ ના તથા તા. ૫-૬-૩૭ ના અંકોમાંની જૈનચર્ચામાં જે બીના પ્રગટ થઇ છે તે સત્યથી વેગળી છે. તા. ૨૯-૫-૩૭ ની ચર્ચામાં શ્રીસાગરાનંદસૂરિજીના મુખમાંથી જ જાણે નીકળ્યા હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમ ઇન્વર્ટેટ કોમા કરી કેટલાક શબ્દો મુકવામાં આવ્યા છે તે, પૂજ્યશ્રી વિજયવલ્લભ-સૂરિજીને વિના કારણ આમાં સંડોવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તે તથા પૂજ્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ ખંભાતના સાધ્વીજી પ્રકરણને અંગે નવીન બાંહેધારી માગી તે; એ બધી વાતો એ ચર્ચાના લેખક "જૈન" (શ્રીયુત ઘડિયાળી)ના ફળદ્રુપ ભેજામાં ઉપસ્થિત થયેલ કલ્પનાઓ માત્ર છે.

**શેઠ જીવતલાલ પ્રતાપસીનું નિવેદન :**

તા. ૯–૬–૩૭ ના મુંબઈ સમાચારમાં સંવત્સરી શાસ્ત્રાર્થની વાટાઘાટ સંબંધી એક લંબાણ નિવેદન શેઠ જીવતલાલ પ્રતાપસી તરફથી પ્રગટ થયું છે. તે જોયા પછી, જનતા સાચી વસ્તુ સમજે તે માટે, આ નિવેદન પ્રકાશિત કરવું અનિવાર્ય બને છે.

શાસ્ત્રાર્થ સંબંધી બધીય વાટાઘાટોનું મૂળ જામનગરમાં શરૂઆતમાં થયેલ રૂબરૂ વાતચિતમાં રહેલું છે. એ પ્રાથમિક વાતચીત વખતે પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીના વિહારની અશકયતા સંબંધી અને પંચની નિમણુક પંડિત મદનમોહન માલવીયા તરફથી કરવામાં આવે અને પંચ એકમત ન થતાં પંડિત માલવીયાજી પોતે સરપંચ તરીકે કામ કરે એ સંબંધી કશો નિર્ણય કરવામાં આવ્યો ન હતો. આ બે બાબતો માટે તો એમ જ નક્કી હતું કે પૂજ્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ ખંભાત આવવું અને પંચ તથા સરપંચની નિમણૂક બન્ને પક્ષના શ્રાવકોની બનેલી સમિતિએ કરવી. જો પ્રારંભિક રૂબરૂ વાતચિતમાં પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીનું ખંભાત આવવું નક્કી ન થયું હોત તો શેઠ જીવાભાઈ તથા શેઠ નગીનદાસના તા. ૧૭–૫–૩૭ના દિવસે પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી તથા પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી ઉપર ભેગા નામથી લખાયેલ પત્રમાં તાપ તથા નરમ તબિયતના કારણે પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીના વિહાર નહીં કરી શકવાના સમાચાર કેવી રીતે હોત ? તેમજ તા. ૧૮–૫–૩૭ના દિવસે શેઠ પોપટલાલ ધારશીભાઈ તરફથી શેઠ નગીનભાઈ તથા શેઠ જીવાભાઈ ઉપર કરેલા તારમાં પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીના પુનાથી વિહાર કર્યાના સમાચાર પૂછાવ્યા નહોત.

પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજીનો વિહાર બંધ રહેવાના કારણે ખંભાતમાં પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીની સાથે શાસ્ત્રાર્થ કરવા કોણ બેસે તે તથા પંચ તથા સરપંચની નિમણૂક કોણ કરે એ બિલકુલ અનિશ્ચિત થઈ જવાથી પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજને એમનો વિહાર બંધ કરવો પડ્યો.

શેઠ જીવાભાઈ "શરૂઆત કેવી રીતે થઇ" એમાં પોતાના જામનગર પહોંચ્યા અગાઉ, ત્યાં નીચે પ્રમાણે વાતચીત થયાનું જણાવે છે :—

> " અને પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીશ્વરજી (શનિવાર પક્ષ) તરફથી પૂ. આ. શ્રી. વિજયલબ્ધિસૂરીશ્વરજી એ બધા સાથે બેસી ખંભાતમાં ચર્ચા કરી નિર્ણય આવે તે સૌએ સ્વીકારવા અને તેને માટે પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરિ તરફથી પૂ. આ. શ્રી. વિજયલબ્ધિસૂરીશ્વરજીને કુલ સત્તા આપી દેવી એમ વાતચીત થયેલ હતી."

પણ મારે કહેવું જોઇએ કે ભાઈ જીવાભાઇએ લખેલી આ વાતચિત સાવ કલ્પિ કાઢેલી છે. તે વખતે પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી તરફથી બીજા કોઈએ હાજર રહેવાની વાત જ ન હતી. તેમણે જાતે જ શાસ્ત્રાર્થ માટે આવવાની વાત હતી. જે ઉપરના પત્ર તથા તારથી સાબિત થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજીની સાથે ચર્ચા કરનારાઓનાં નિશ્ચિત નામ નહીં મૂકવાની વાતને (કે જે શાસ્ત્રાર્થ બંધ રહેવાનું મુખ્ય કારણ કહી શકાય તેને):

"સૌ કોઇ પોતપોતાનું મંતવ્ય રજુ કરી શકે તે માટે સઘળાં દ્વાર ખુલ્લાં રાખવાના વિશાળ દૃષ્ટિબિંદુવાળા શુભ આશયથી ફક્ત ચોક્કસ નામો જ લખવાની જરૂર લાગેલ નહીં એ અમારો પ્રામાણિક આશય હતો."

એમ જણાવી મૂળ વાતને નબળી બનાવવાનો પ્રયાસ કર્યો છે. પણ સામાન્ય માણસ પણ એ સમજી શકશે કે જ્યાં શાસ્ત્રાર્થ કરીને જ કોઈ વાતનો નિવેડો લાવવો હોય તો નિશ્ચિત વ્યક્તિનાં નામ આપ્યા વગર ચાલે જ નહી. ઉપરની વાત લખીને ભાઈ જીવાભાઇએ પોતે, પૂજ્ય શ્રી સાગરાનંદસૂરિજી સાથે બુધવાર પક્ષ તરફથી કોણ શાસ્ત્રાર્થ કરશે એ વાત પોતે નક્કી કરી શકયા ન હતા, એ સત્યનો સ્વીકાર કર્યો છે. આ ઉપરથી સમાજ સમજી શકશે કે શાસ્ત્રાર્થ બંધ રહેવામાં ખરી રીતે કયો પક્ષ જવાબદાર છે.

આ શાસ્ત્રાર્થ સંબંધી મહત્ત્વની વાતચીત પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની રૂબરૂ રાતના બારથી ચારસુધી ચાર કલાક થઈ હતી, તેનો શ્રી જીવાભાઈએ નામમાત્રનો ઉલ્લેખ કરીને તેનું મહત્ત્વ ઘટાડી નાખ્યું છે.

ભાઈ જીવાભાઈએ પોતાના નિવેદનમાં પ્રગટ કરેલા બધા તારો અને પત્રોમાં શેઠ પોપટલાલભાઈનો શેઠ નગીનભાઈ ઉપરનો નીચેનો તાર કેમ પ્રગટ નથી કર્યો તે નથી સમજાતું. તાર આ પ્રમાણે છે:

"તાર અને કાગળ મળ્યા. કાગળ શરતોની સાથે સહમત નથી થતો. ખુલાસા માટે જીવાભાઈની સાથે એકદમ જામવનથલી આવો. તમોએ જે કંઈ સહીઓ લીધી હોય તે સાથે લેતા આવશો. તમારા રવાના થવાના સમાચાર તારથી જામનગર આપશો."

**ઉપસંહાર:**

આટલું પણ જે કંઈ મેં લખ્યું છે તે એક કડવી ફરજ સમજીને દુઃખિત હૃદયે મારે લખવું પડ્યું છે. શાસ્ત્રાર્થ કરીને સંવત્સરીનો નિર્ણય લાવવા માટે ચાલેલી વાટાઘાટોમાં મેં ભાગ લીધો છે એટલે સમાજ, એ વાટાઘાટોનું સત્ય તેમજ શાસ્ત્રાર્થ કરીને યોગ્ય નિર્ણય લાવવા માટે કોણ તૈયાર હતું, એ સમજી શકે તે માટે આ નિવેદન બહાર પાડવું પડ્યું છે આ નિવેદન બહાર પાડવાના નિમિત્ત તરીકે મી જૈનની તા. ૨૯-૫-૩૭ ના મુંબઇ સમાચારની જૈના ચર્ચાના લખાણને મારે યશ આપવો જોઈએ.

છેવટે મને લાગે છે કે હજુ પણ યોગ્ય સમાધાન માટે આશા અને અવકાશ છે. માટે સર્વે પૂજ્ય મુનિ મહારાજો તથા સર્વે સદ્ગૃહસ્થોને મારી નમ્રતા પૂર્વક વિનંતિ છે કે આપ સૌ પોત પોતાની જેટલી શક્તિ હોય તેનો ઉપયોગ, સમાધાનના માર્ગે કરશો અને નાહક ખોટો રસ રેડીને સમાધાનને નિષ્ફળ ન બનાવશો. કદાચ આપણા દુર્ભાગ્યે સમાધાન ન થાય તોપણ મહાન પર્વાધિરાજની આરાધના ગુરૂવારવાળા અને બુધવારવાળા પોતપોતાની માન્યતા પ્રમાણે અને કષાયરહિતપણે આનંદ પૂર્વક કરે તેવું વાતાવરણ ફેલાવશો.

મી. જૈનને મારી નમ્ર વિનંતી છે કે તેઓ તેમની કસાયેલી કલમથી ગચ્છ ગચ્છ વચ્ચે, સંપ્રદાય સંપ્રદાય વચ્ચે દ્વેષ વધે તેવા લેખો ન લખતાં કોમમાં સંપ અને શાંતિ થાય તેવા લેખો લખી શાસનનું હિત સાધે!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com